The Rights of Persons with Disabilities Act, 2016 એક્ટની જોગવાઈ મુજબ રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૭૭૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૫/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: અપગ/ ૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/ છ-૧(પાર્ટ-૪).

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૦૯/03/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/૨૦૨૨/૧૭૬૪-૬૫.

આમુખ:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી The Right of Persons with Disabilities Act, 2016 મુજબ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે અને આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે તેવી સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી The Right of Persons with Disabilities Act, 2016 ની કલમ-૩૪ અન્વયે રાજ્ય સરકારના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના સંબંધિત સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ ખાલી જગ્યાના ચાર ટકા જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવેલ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે તથા અનામતમાંથી મુક્તિ આપવામાં આવેલ હોય તે સિવાય, દિવ્યાંગતા માટે નક્કી કરવામાં આવેલી જગ્યાઓ સામે, નીચે જણાવેલ ખંડ (a),(b) અને (c) હેઠળ દર્શાવેલ દિવ્યાંગતાના દરેક ખંડ માટે એક ટકા તથા (d) અને (e) હેઠળ દર્શાવેલ દિવ્યાંગતા માટે એક ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(a) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ,

(b) બધિર અને ઓછું સાંભળનાર,

(c) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(d) સ્વલીનતા (autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવવાની અક્ષમતા અને માનસિક બીમારી,

(e) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

Scanned with CamScanner

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તા.૦૯/૦૩/૨૦૨૨ના પત્રથી રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, The Rights of Persons with Disabilities Act, 2016 એક્ટની જોગવાઈ મુજબ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા અનુસાર નિયત થયેલ દિવ્યાંગતા ધ્યાને લઈ રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંવર્ગોમાં નીચે મુજબની વિગતે દિવ્યાંગો માટેની જગ્યાઓ સુનિશ્ચિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | દિવ્યાંગતાનો પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D | E |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આચાર્ય (બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | B, LV | D, HH | OA,BA,OL, BL,CP,LC, Dw, AAV | SLD, MI | MD involving (a to d) above |
| ૨ | માધ્યમિક શિક્ષક (સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | B, LV | HH | OA,OL,BL, OAL,CP, LC,Dw, AAV | SLD, MI | MD involving (a to d) above |
| ૩ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક (સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | B, LV | HH | OA,OL,BL, OAL,CP, LC,Dw, AAV | SLD, MI | MD involving (a to d) above |
| ૪ | ચિત્ર શિક્ષક (સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | LV | D, HH | OA,OL,BL, OAL,Dw, AAV | ASD(M), ID, SLD,MI | MD involving (a to d) above |
| ૫ | સંગીત શિક્ષક (સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | B, LV | OL,BL, CP, Dw, AAV | SLD, MI | MD involving (a to c) above | -- |
| ૬ | ઉદ્યોગ શિક્ષક (સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | B, LV | D, HH | OL,BL,Dw, AAV | ASD(M), ID, SLD, MI | MD involving (a to d) above |
| ૭ | લેબ.આસિસ્ટન્ટ( સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળા) | 3 | LV | D, HH | OA,OL,CP, Dw,AAV | ASD(M), SLD,MI | MD involving (a to d) above |

Scanned with CamScanner

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | જુનિયર કારકુન (બિન સરકારી અનુદાનિત શાળા) | ૩ | B, LV | D, HH | OA,OL,BA, BL,OAL,CP, LC, Dw, AAV, Mdy | ASD(M), SLD,MI | MD involving (a to d) above |
| ૯ | સિનિયર કારકુન (બિન સરકારી અનુદાનિત શાળા) | ૩ | B, LV | D, HH | OA,OL,BA, BL,OAL, CP, LC, Dw, AAV | ASD(M), SLD,MI | MD involving (a to d) above |
| ૧૦ | હેડ ક્લાર્ક (બિન સરકારી અનુદાનિત શાળા) | ૩ | B, LV | D, HH | OA,OL,BA, BL,OAL, CP,LC,Dw, AAV | SLD,MI | MD involving (a to d) above |
| ૧૧ | લાઈબ્રેરીયન (બિન સરકારી અનુદાનિત શાળા) | ૩ | B, LV | D, HH | OA,BA,OL, OAL,CP, LC,Dw, AAV, Mdy | ASD(M),MI | MD involving (a to d) above |
| ૧૨ | Teacher For The Blind/Low Vision | ૩ | B, LV | HH | OA,OL,BL, OAL,Dw, AAV | MI | MD involving (a to d) above |
| ૧૩ | Teacher for the hearing & Speech handicap | ૩ | D, HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV | MI | MD involving (a to c) above | -- |

CATEGORY ABBREVIATIONS USED: B=Blind, LV=Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA= One Arm, OL= One Leg, BA= Both Arm, BL=Both Leg, OAL=One Arm and One Leg, BLOA= Both leg & One Arm, BLA=Both legs Arm, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, DW=Dwarfism, AAV= Acid attack Victims, Mdy= Muscular Dystrophy, ASD=Autism Spectrum Disorder(M=Mild, MoD=Moderate), ID=Intellectual Disability, SLD=Specific Learning Disability, MI=Mental Illness, MD=Multiple Disabilities.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીકક્ષાએ તા.૨૨/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

- અધિક મુખ્ય સચિવશ્રી(ક. ગ) સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/ ૬૦૨૧-૬૫

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.19/05/2022

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની નકલ આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂં મોકલી આપશો.

સંયુક્ત નિયામક

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

જા.નં/મકમ/માધ્ય/૨૦૨૨/૧૯૨૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા સેવાસદન - ૨,
અઠવાલાઈન્સ સુરત
તા. ૨૫/૫/૨૦૨૨

પ્રતિ, આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ
સરકારી, ગ્રાન્ટેડ મા. ઉ.મા. શાળા
૨/- ઉપરોક્તની જાણ અમલવારી અર્થે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ. સુરત